**R.C.S. 46-2017**

**આંક : ૪૦ લગત , સી.પી.સી. ઓર્ડર : ૭, રૂલ : ૧૧ મુજબની પ્રતિવાદી નંબર : ૧૫ ની અરજી લગત હુકમ**

(૧) હાલના કામે પ્રતિવાદી નંબર : ૧૫ તરફે આંક : ૪૦ થી ભારતીય દીવાની કાર્યવાહીના કાયદાના હુકમ : ૭, નિયમ : ૧૧ મુજબ હાલની અરજી આપી રજુઆત કરેલ છે કે સદર હુ દાવાવાળી જમીન પૈકી બ્લોક નંબર : ૩૩૨ વાળી જમીન આ કામના પ્રતિવાદી નંબર : ૧ થી ૭ ના વડીલોએ તારીખ : ૦૯/૧૨/૧૯૯૩ ના રોજ રજી વેચાણ દસ્તાવેજ નોંધણી નંબર : ૩૩૧૬ થી આ કામના પ્રતિવાદી નંબર : ૧૦ ની તરફેણમાં તબદીલ કરેલ છે. આ કામના પ્રતિવાદીના નંબર : ૧૦ ની તરફેણના કાયદેસરના રજી. વેચાણ દસ્તાવેજના આધારે સદરહું દાવાવાળી જમીનના રેવેન્યુ રેકર્ડમાં તારીખ : ૧૮/૧૨/૧૯૯૩ ના રોજ ફેરફાર નોંધ નંબર : ૧૮૬૨ નોંધવામાં આવેલ છે. આમ વાદી ઉપરોકત હકીકતે બ્લોક નંબર : ૩૩૨ વાળી જમીન તબદીલ થયાના ૨૪ વર્ષ બાદ હાલનો દાવો દાખલ કરેલ છે. વધુમાં દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી નંબર : ૧ થી ૭ ના વડીલોએ તારીખ : ૦૫/૦૪/૧૯૯૭ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ નોંધણી નંબર : ૧૨૯૭ થી દાવવાળી જમીન આ કામના પ્રતિવાદી નંબર : ૧૧ ની તરફેણમાં તબદીલ કરેલ છે. જેથી હાલનો દાવો સમય મર્યાદાના આધારે ટકી શકે તેમ નથી. વધુમાં આ કામના પ્રતિવાદી નંબર : ૧૦ નુ નામ વર્ષ : ૧૯૯૩ થી તથા પ્ર તિવાદી નંબર : ૧૨ નુ નામ વર્ષ : ૧૯૯૭ માં દાખલ થયેલ છે. આમ સદર રેવેન્યુ રેકર્ડ જાહેર દસ્તાવેજ છે. જે હકીકતની વાદી નોટીસ લઈ શકયા હોત પરંતુ વાદી હકીકતો છુપાવી હાલનો દાવો ખોટી રીતે દાખલ કરેલ છે. આમ વાદીના દાવાને સમય મર્યાદાના કાયદાના આર્ટીકલ : ૫૯ નો બાધ નડે છે. જેથી વાદીનો દાવો સી પી સી ઓર્ડર : ૭ , રૂલ : ૧૧ હેઠળ રદ થવો જાઈએ. જે દાદ મંજુર કરવા પ્રતિવાદી નંબર : ૧૫ નાએ હાલની અરજી મારફતે અરજ કરેલ છે.

(૨) જયારે સદર કામે આંક : ૪૩ થી વાદી તરફે આંક : ૪૦ ની અરજીનો જવાબ રજુ રાખી રજુઆત કરેલ છે કે પ્રતિવાદી નંબર : ૧૫ ની અરજી ખરી નથી અને રદ થવા પાત્ર છે. જેમાં વાદીએ કબુલ કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. સદર કામે વાદીએ તેઓના જવાબમાં રજુઆત કરેલ છે કે તેઓ ગુજરનાર ભલાભાઈ મોહનભાઈના વારસો છે. તેઓનુ નામ વારસાઈ માં લીધા વગર ખોટી રીતે ફ્રોડ કરી વારસાઈ નોંધ કરેલ છે. જેથી વાદી સાથે આ પ્ર

કારની છેતરપીંડી થયેલ છે અને તેની જાણકારી મળે તે સમયથી દાવો દાખલ કરવાનો સમય શરૂ થાય છે. જે સમય મર્યાદાના કાયદાના આર્ટીકલ : ૧૭ ની જોગવાઈઓમાં આવે છે. જેથી વાદીના દાવાને આર્ટીકટલ : ૫૯ નો બાધ નડતો નથી. જેથી પ્રતિવાદીની આંક : ૪૦ ની અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે બંને પક્ષકારો ને વિગતવાર સાંભળવામાં આવેલ છે. તેમજ રજુ કરવામાં આવેલા ચુકાદાઓ પણ વંચાણે લીધેલ છે.

સબબ કામે હાલની આંક : ૪૦ ની અરજીનો ન્યાયનીર્ણય કરતા પહેલા દિવાની કાર્યરીતી અધીનીયમ : ૧૯૦૮ ના હુકમ : ૭ , નિયમ : ૧૧ ની ચર્ચા કરવામાં આવે તો.

-- દાવા અરજી નામંજુર કરવી.

નીચેના પ્રસંગોએ દાવા અરજી નામંજુર કરવી જોઈશે.

(ક) તેમાં દાવાનુ કારણ જણાવવામાં આવ્યુ ન હોય.

(બ) માંગેલી દાદ ની કિંમત ઓછી આંકી હોય

અને ન્યાયલય ઠરાવે તે મુદ્દતમાં કિંમતનો આંકડો સુધારી આપવાનુ કહયા છતાં વાદી તેમ ન કરે.

(ગ) માંગેલી દાદ ની કિંમત બરાબર આંકી હોય , પણ ઓછા સ્ટેમ્પ મારેલા કાગળ ઉપર દાવા અરજી લખી હોય અને ન્યાયાલય ઠરાવે તે મુદ્દતમાં જોઈતા સ્ટેમ્પવાાળે કાગળ રજુ કરવાનુ કહયુ છતાં વાદી તેમ ન કરે.

(ઘ) દાવા અરજીમાં લખેલા મજકુર ઉપરથી જણાય કે કોઈ કાયદાથી દાવો ચલાવવાનો બાધ આવે છે.

સદર કામે પ્રતિવાદીએ તેઓની અરજીમાં જે હકીકતોની રજુઆત કરેલ છે તે મુજબ વાદીનો દાવો ઉપરોકત જોગવાઈમાં પડે છે કે કેમ તેની ચર્ચા કરવામાં આવે તો , હાલના દાવામાં વાદીએ દાવા અરજીના પેરા : ૧૮ માં એ થી ઈ ની હકીકતે દાદ માંગેલ છે. તેમજ હાલનો દાવો ડેકલેરેશન, પાર્ટીશન, દસ્તાવેજ કેન્સલેશન તથા કાયમી જાથુના મનાઈ હુકમ માટે કરેલ છે.

(૪) આમ સદર કામે ઉપરોકત હકીકતે વાદી તરફે દાવામાં જે દાદ માંગેલ છે. તે સબંધે પ્રતિવાદી તરફે આંક : ૪૦ ની દાવો રદ કરવાની અરજીના કારણો સંબધી ચર્ચા કરવામાં આવે તો, સી. પી. સી. ઓર્ડર : ૭ , રૂલ : ૧૧ મુજબના ન્યાયનિર્ણય વખતે દાવા અરજી તથા

રજુ દસ્તાવેજો ધ્યાને લેવાના હોય છે. તેમજ સી પી સી ઓર્ડર : ૭ , રૂલ : ૧૧ ની જોગવાઈઓમાં જે કારણો આપેલા હોય તે કારણોમાં આવતો હોય તોજ દાવો તે જોગવાઈઓ મુજબ રદ થાય . સદર જોગવાઈ મુજબ દાવામાં કારણ જણાવેલ ન હોય , પુરતા સ્ટેમ્પ ઉપર ન હોય કે પુરતી કોર્ટ ફી ભરેલ ન હોય કે દાવાને કોઈ કાયદાનો બાધ નડતો હોય, સદર કામે વાદી તરફે રજુ થયેલ દાવો અને તેને લગત રજુ દસ્તાવેજો વંચાણે લેતા ઉપરોકત જોગવાઈઓમાં જણાવેલા કારણો પૈકી કોઈપણ કારણ , વાદીના દાવાને અસર કરતુ નથી તેવુ અત્રેની અદાલતનુ માનવુ છે. વધુમાં સદર અરજીમાં પ્રતિવાદી નંબર : ૧૫ તરફે હાલનો દાવો સમય મર્યાદાના કાયદા હેઠળ બાધીત હોય રદ થવા પાત્ર છે, પરંતુ હાલના દાવાની દાવા અરજીની હકીકત તથા રજુ રેકર્ડ વંચાણે લેતા, હાલના દાવામાં સમય મર્યાદા બાબતે કાયદાનો અને હકીકતનો મીશ્ર પ્રશ્ન સમયેલો હોવાનુ અત્રેની અદાલતનુ માનવુ છે. જેથી સદર હુ અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

પ્રતિવાદી ની આંક : ૪૦ હેઠળ , સી.પી.સી. ઓર્ડર : ૭ , રૂલ : ૧૧ ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ : ૨૯ માહે : જાન્યુઆરી મહીના સને : ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી , સંભળાવી જાહેર કર્યુ

તારીખ : ૨૯/૦૧/૨૦૨૨

એમ.એ. શેખ
દસમાં એડીશ્નલ સીનીયર સીવીલ જજ
ગાંધીનગર
જી. જે. : ૦૧૧૫૨